Seat No. : ______________

# MA-II-64

**April-2007**

**ગુજરાતી**

**(અનૂદિત કૃતિ અને અપઠિત)**

**Paper-VII**

**(New Course)**

**Time : 3 Hours]** **[Max. Marks : 100**

**સૂચના :** (૧) પ્રશ્ન-૫નું તમે પ્રૂફરીડિંગ કરેલું પેજ ઉત્તર વહી સાથે જોડવું.
(૨) અંધ વિદ્યાર્થીઓએ પ્રશ્ન-૫ને બદલે છઠ્ઠો પ્રશ્ન લખવો.

૧. મૈત્રેયી દેવીના જીવન અને સર્જનનો વિગતે પરિચય કરાવો. (૨૦)

**અથવા**

નવલકથાની સ્વરૂપગત લાક્ષણિકતાઓ બતાવી, નવલકથાના વિકાસની રૂપરેખા આપો.

૨. "'ન હન્યતે' નવલકથામાં લેખિકાએ પોતાના આંતરજીવનને સચ્ચાઈ, સહૃદયતા, કલાત્મક અને નિર્ભયતાથી આલેખી આપ્યાં છે." – આ વિધાનની ચર્ચા કરો. (૨૦)

**અથવા**

ગમે તે **બે** વિશે નોંધ લખો :

(૧) અમૃતા

(૨) મિર્ચા

(૩) 'ન હન્યતે' – શીર્ષક

(૪) 'ન હન્યતે'ની નિરૂપણ રીતિ.

૩. ગમે તે **એક** વિષય પર વિગતે તથા મુદ્દાસર નિબંધ લખો : (૩૦)

(૧) આજનો યક્ષ પ્રશ્ન : ગુનાખોરી અને આતંકવાદ

(૨) આજનો વિદ્યાર્થી અને અધ્યાપક

(૩) મને 'કેવા રાજનેતા' થવું ગમે ......

(૪) સાહિત્ય અને સમાજાભિમુખતા.

૪. 'વલી એવૉર્ડ' વિજેતા રતિલાલ 'અનિલ' ને સન્માનવા માટે યોજાયેલ અભિવાદન સમારોહનો, સાહિત્યિક – સામયિક માટે અહેવાલ તૈયાર કરો. **(૧૫)**

**અથવા**

સમજૌતા એક્સપ્રેસમાં થયેલા બોમ્બધડાકા અંગેનો અહેવાલ, વર્તમાનપત્ર માટે તૈયાર કરો.

૫. મૂળ પરિચ્છેદના આધારે, પ્રૂફરીડિંગ કરવા માટે આપેલા પરિચ્છેદનું પ્રૂફરીડિંગ કરો અને પ્રૂફરીડિંગના પરિચ્છેદવાળું પ્રશ્નપત્રનું પેજ પુરવણી તરીકે તમારી ઉત્તરવહી સાથે જોડો. **(૧૫)**

**મૂળપરિચ્છેદ**

આજે ભાષા વિશેની જાગૃતિ ઘણી ઓછી થતી જાય છે. અંગ્રેજી ભાષા વાપરવામાં જેટલી સભાનતા ગુજરાતીઓ દાખવે છે તેટલી માતૃભાષા પ્રત્યે બતાવતા નથી. ક્યારેક એવું લાગે છે કે મૂળ ખામી આ બંને વિષયો અંગેના શિક્ષણમાં રહેલી છે. વળી માનસિકતા પણ ભાગ ભજવે છે. એક વિદેશી ભાષા શીખવાની છે કે શીખવવાની છે તેની માનસિકતા અલગ છે અને રોજબરોજ જેનો ઉપયોગ કરી રહ્યા છીએ તે ભાષામાં સજ્જતા કેળવવાની માનસિકતા અલગ હોય છે. એકમાં ડર અને તૈયારી બંનેની જરૂરિયાત અનુભવાય છે, જ્યારે બીજામાં ઉપેક્ષા અને એમાં કંઈ નવું શીખવાનું નથી એવો ભાવ પડેલો હોય છે.

એક નાનકડો દાખલો લઈએ તો ગુજરાતી ભાષા હિન્દી અને સંસ્કૃતની માફક લીટીની નીચે લખાય છે, જ્યારે અંગ્રેજી ભાષા લીટીની ઉપર લખાય છે. આપણા શિક્ષકો આટલી સાદી સમજ શરૂઆતના તબક્કે વિદ્યાર્થીઓને આપતા નથી. વિદ્યાર્થીઓ આ અંગેની કોઈ સભાનતા કેળવતા નથી. પછી સ્નાતક થયેલા સ્પર્ધાત્મક પરીક્ષાના ઉમેદવારોને ગુજરાતી ભાષાની સજ્જતા વધારવા તાલીમ આપતા હોઈએ ત્યારે તેઓ પ્રશ્ન કરે છે કે આવું કેમ ? અથવા તો આવી તો અમને ખબર જ નથી.

૬. ગમે તે **બે** વિશે લખો : (ફક્ત અંધ વિદ્યાર્થીઓ માટે) **(૧૫)**

(૧) પ્રૂફરીડિંગ શા માટે અનિવાર્ય છે ?

(૨) આદર્શ પ્રૂફરીડરની યોગ્યતા.

(૩) છાપખાનાનો ટૂંકો ઈતિહાસ.

(૪) ભૂલ પકડવાની અને સુધારવાની પ્રૂફરીડરની રીતો જણાવો.

Date : ______________

Seat No. : ______________

Sup. Sign :

પ્ર. ૫. પ્રૂફરીડિંગની સંજ્ઞાઓ પ્રયોજીને નીચે આપેલાં પરિચ્છેદનું મૂળ પરિચ્છેદ (પ્રશ્ન-૫)ને આધારે પ્રૂફરીડિંગ કરી આ પેજને ઉત્તરવહી સાથે પુરવણી તરીકે જોડો. (ગમે તે પંદર ભૂલો સુધારો)

**પ્રૂફરીડિંગ કરવા માટેનો (ભૂલોવાળો) પરિચ્છેદ**

આજે ભાષા વીશેની જાગૃતિ ધણી ઓછી થતી જાય છે અગ્રેજી ભાષા વપરવામા જેટલી સભાનતા ગુજરાતી ઓ દાખવે છે. તેટલી માતૃભાશા પ્રત્યે બતાવતા નથી ક્યારેક એવુ લાગે છે કે મૂળ ખામી આ બને વીષયો અંગેના શીક્ષણમા રહેલી છે. વળી માનસિકતા પણ ભાગ ભજવે છે એક વિદેશી ભાષા શીખવાની છે કે શીખવાવની છે તેની માનસિકતા અલગ છે. અને રોજ બરોજ જેનો ઉપયોગ કરી રહ્યા છીએ તે ભાષામા સજ્જનતા કેરવવાની માનસીકતા અ લગ હોય છે. એકમાં દર અને તૈયારી બંનેની જરૂરીયાત અનુભયવા છે. જ્યારે બીજામા ઉપેક્ષા અને એમા કઈ નવું શીખવાનું નથી એ ભાવ પડે લો હોય છે. એક નાનકડો દાખલો લઈએતો ગુજરાતી ભાષા હિન્દી અને સંસ્કૃતની મારક લીટીની નીચે લખાય છે. જ્યારે અંગ્રેજી ભાષા લારીની ઉપર લખાય છે. આપણા શીક્ષકો આટલી સારી સમજ શરૂઆતના તબક્કે વિદ્યાર્થીઓ ને આપતા નથી. વિદ્યાર્થીઓ આ અંગેની કોઈ સમાનતા કેરવતા નથી સનાતક થયેલા સ્પર્ધાત્મક પરીક્ષાના ઉમેદવારોને ગુજરાતી ભાષાની સજજતા વધારવા તાલીમ અપતા હોઈએ ત્યારે તેઓ પ્રશ્ન કરે છે કે આવું કેમ અથવા તો આવી તો તમને કબર જ નથી.

---